Vol. 7, Issue: 3, March: 2019
ISSN:(P) 2347-5404 ISSN:(O)2320 771X

# ભકતકવિ નરસિંહ મહેતા

પાંડવ હિનાબહેન પ્રવિણભાઈ

**સારાંશ**

મધ્યમકાલીન સમયમાં જે સર્જકો થઈ ગયા, તેમાં નરસિંહ મહેતાને પ્રથમ ગુજરાતી સર્જક ગણવામાં આવે છે. તેમનાં જીવનની કોઈ આધારભૂત માહિતી મળવી મુશ્કેલ છે. અહીં તેના જીવન તથા કવન પર દ્રષ્ટિપાત કરીએ.

**ચાવીરૂપ શબ્દો:** નરસિંહ મહેતાનો જન્મસમય, પ્રચલિત કથા, ગૃહજીવન, નરસિંહ મહેતાનું કવન,જ્ઞાન-વૈરાગ્ય

## ૧. પ્રસ્તાવના

મધ્યમકાલીન ગુજરાતી સાહિત્યનો સમયગાળો ઈ.સ.૧૧૫૦ થી ૧૮૫૦ સુધીનો ગણવામાં આવે છે.મધ્યકાલીના સમયમાં નરસિંહ, મીરાંબાઈ ,પ્રેમાનંદ ,શામળ ,અખો, ભોજો , ધીરો વગેરે સાહિત્ય સર્જક -ભક્તોએ મહત્વનું ખેડાણ ગુજરાતી સાહિત્યમાં કર્યુ છે. નરસિંહ મહેતા મધ્યકાળયુગીન પ્રથમ ભક્તકવિનું સ્થાન -માન પામ્યા છે.ગુજરાતી સાહિત્યમાં' આદીકવ...તરીકે નામના મળી શકી છે.

## ૨. નરસિંહ મહેતાનો જન્મકાળ

નરસિંહ મહેતાના જીવન વિશેની કોઈ આધારભૂત માહિતી મળતી નથી. છતાંય વિદ્‌વાનો તેને રા'માંડલિકના સમકાલીન ગણે છે.આ રા'માંડલિકને હાર પહેરાવ્યાની કથા પરથી તેનો સમય ઈ.સ. પૂર્વે ૧૪૧૪ થી ૧૪૮૦ સુધીનો ગણવામાં આવે છે.ઈ.સ.ની પંદરમી સદીનો સમય નરસિંહ મહેતાનો ગણાય છે. તેમનો જન્મ તળાજામાં થયો હતો.નાનપણથી જ માતા -પિતા મૃત્યુ પામ્યા આથી તેઓ જૂનાગઢ ભાઈ - ભાભી સાથે વસવાટ કરે છે .તેમના પિતાનું નામ કૃષ્ણદાસ અને માતાનું નામ દયાકુંવર હતું .જ્ઞાતિએ તેઓ વડનગરા નાગર હતાં .

## ૩. પ્રચલિત કથા

નરસિંહ મહેતા જ્યારે નાના હતાં ,ત્યારે જ એમના માતા -પિતા મૃત્યુ પામે છે.આથી તેને ભાઈ- ભાભી સાથે જૂનાગઢ રહેવું પડે છે. આખો દિવસ સાધુ -સંતો સાથે વ્યતિત કરતા નરસિંહ મહેતાને તેમની ભાભી મહેણું મારે છે .આથી તે ગૃહનો ત્યાગ કરી જંગલમાં જઈ ભગવાન શિવની આરાધના કરે છે. ભગવાન શિવ પ્રસન્ન થઈને નરસિંહ મહેતાને કૃષ્ણની રામલીલાના દર્શન કરાવે છે .કૃષ્ણની રામલીલા જોવામાં તલ્લીન નરસિંહ મહેતા હાથમાં પકડેલી મશાલની સાથે પોતાનો હાથ પણ સળગી જાય છે એનું પણ એને ધ્યાન રહેતું નથી. એવી પણ એક કથા છે.

## ૪. ગૃહજીવન

રામલીલાના દર્શન કર્યા પછી નરસિંહ મહેતા માણેકબાઈ સાથે પોતાના ગૃહજીવનની શરૂઆત કરે છે. પરંતુ તેઓ મન-વચન- કર્મથી તો ભક્ત જ રહે છે. પત્ની માણેકબાઈ થકી તેમને એક પુત્ર અને એક પુત્રીનો જન્મ થાય છે. તેમના પુત્રનું નામ શામળદાસ અને પુત્રીનું નામ કુંવરબાઈ હતું.

નરસિંહ મહેતાના જીવનના બધા જ પ્રસંગો ભગવાન શ્રી કૃષ્ણએ ઉકેલ્યા છે, એવું મનાય છે. કારણકે તેમની આત્મકથનની કૃતિમાં બધાં પ્રસંગો નિરુપ્યા છે. તેમની આત્મચરિત્રાત્મક કૃતિઓમાં 'શ્રાદ્ધ', ‘હાર', 'હુંડી', 'મામેરું', 'શામળશાનો વિવાહ 'નો વગેરેનો સમાવેશ થાય છે.

### ૫. નરસિંહ મહેતાનું કવન

નરસિંહ મહેતાએ આત્મકથનાત્મક કૃતિઓ ' હાર ' 'હુંડી', 'મામેરું', 'શામળશાનો વિવાહ',' કુંવરબાઈનું મામેરું', 'શ્રાદ્ધ' જેવી કૃતિમાં તેમનાં જ જીવનની કથાને તેમા વણી લીધી છે. આ ઉપરાંત રાસસહસ્ત્રપદી , ચાતુરીષોડશી , બાળલીલા, દાણલીલા, રાસલીલા, 'સુદામાચરિત' જેવી નોંધપાત્ર કૃતિઓ પણ તેઓ આપે છે.

'સુદામાચરિત' જેવી મહત્વની કૃતિમાં વિદ્વાનો આખ્યાનના લક્ષણો જોવે છે. આમ નરસિંહ મહેતાએ જેટલા પણ પદો લખ્યા છે એમાં શ્રીકૃષ્ણ જ કેન્દ્રસ્થ રહ્યાં છે.

### ૬. જ્ઞાન - વૈરાગ્ય - આત્મકથનના પદો

ઝૂલણા છંદમાં લખાયેલા એમના પ્રભાતિયા કે પદો ઘરે ઘરે ગવાતા થયા છે.કોઈ ભાગ્યે જ એવું હોય કે જેને નરસિંહ મહેતાના પ્રભાતિયા સાંભળ્યા ના હોય ! 'વૈષ્ણવજન તો તેને કહીએ જે પીડ પરાઈ જાણે રે ' જેવા પદો તો ગાંધીબાપુનું પ્રિય ભજન પણ બની જાય છે. તેમના ભક્તિબોધના પદો , તત્ત્વદર્શનના પદો , જ્ઞાન -વૈરાગ્યના પદો જોઈએ.

- હે જળકમળ છાંડી જાને બાળા ...
- હું કરું હું કરું એ જ અજ્ઞાનતા ...
- કો પેલો ચાંદલિયો મા મુને રમવાને આલો ...
- જયાં લગી આત્મતત્ત્વ ચિન્યો નહિ ...
- ખરું થયું ભાંગી જંજાળ , સુખે ભજશું શ્રી ગોપાલ ...
- ભૂતળભક્તિ પદાર્થ મોટું ...
- અખિલ બ્રહ્માંડમાં એક તુ શ્રીહરિ ...
- વૈષ્ણવજન તો તેને કહીએ ...
- મારી હુંડી સ્વીકારો મહારાજ રે ...
- જશોદા તારા કાનુડાને સાદ કરીને વાર રે ...

### ૭. ઉપસંહાર

આમ, નરસિંહ મહેતાનું કવન ગુજરાતી સાહિત્યમાં પ્રથમ લેખનનો પ્રયાસ કરનારું બની રહે છે અને એ નરસિંહ મહેતાને પ્રસિદ્ધિ પણ અપાવે છે.

### સંદર્ભસૂચી

૧. પટેલ, પન્નાલાલ 'પરમ વૈષ્ણવ નરસિંહ મહેતા'

૨. શેઠ, ચંદ્રકાંત 'ભક્તકવિશ્રી નરસિંહ મહેતા'